## <u>પરિશિષ્ટ-અ Annexure-A</u>

<u>SPECIAL INSTRUCTION FOR TENDERER FOR SUBMISSION OF TENDER DOCUMENTS</u>

The tenderer should submit following documents on line and thereafter send in sealed cover duly subscribed for “Providing services of staff for operation and maintenance of office building , Rest House and karjan colony under juridiction of Irrigation Project Sub division No. 27, Rajpipla for the Year 2026.’’

**<u>(A)Physically as well as on-line (Scan copy)</u>**

1. DD of Tender fee

2. DD/FDR for EMD ( Nationalised / SChedule Bank only)

3. Copy of Pan card

4. Valid Registration Certificate in E-1 Class & above.

**<u>(B) Technical Bid:-</u>**

Tenderer should submit Following Documents duly scanned **<u>only online.</u>** The tenderer has to produce original documents when asked by department.

1. GST Registration certificate
2. Provident Fund Registration certificate
3. ESIC Registration certificate
4. Professional Tax Registration certificate
5. <u>Details of Experience:-</u>

Submit scan copy/copies of experience certificate in Form -3 A for the similar nature of work through outsourcing carried out in any one year from last five financial years.

6. Submit scan copy of affidavit (પરીશિષ્ટ-૪) Annexure-4 on Rs.100 stamp Paper duly notarized.

7. Submit scan copy of Turnover Certificate issued by C.A.

8. Scanned documents as required under point No.41 (41.1 to 41.3)

Executive Engineer
Irrigation Project Division No.4
Rajpipla

## પરિશિષ્ટ-૧

**કામનું નામ -** પ્રોવાઈડીંગ સર્વિસિસ ઓફ સ્ટાફ ફોર ઓપરેશન એન્ડ મેઇંટેનન્સ ઓફ ઓફિસ બિલ્ડિંગ, રેસ્ટ હાઉસ એંડ  કરજણ કોલોની અન્ડર જ્યુરિડિક્શન ઓફ ઇરીગેશન પ્રોજેક્ટ સબ ડિવિઝન નં. ૨૭, રાજપીપળા ફોર ૧ યર-૨૦૨૬.

**ટેન્ડર નોટિસ નં.   સને ૨૦૨૫-૨૬**

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર સ્વીકારનાર કચેરીનું નામ અને સરનામું,ટેલીફોન નંબર, ફેક્સ નંબર વિગેરે | કાર્યપાલક  ઇજનેરશ્રીની કચેરી,<br>સિંચાઈ યોજના વિભાગ નં.૪, રાજપીપળા – ૩૯૩૧૪૫<br>(ફો.નં.૦૨૬૪૦-૨૨૨૮૯૯, ૨૨૦૧૩૪) |
| ૨ | ટેન્ડર ખોલવા માટેની કચેરીનું નામ અને સરનામું,ટેલીફોન નંબર, ફેક્સ નંબર વિગેરે | કાર્યપાલક  ઇજનેરશ્રીની કચેરી,<br>સિંચાઈ યોજના વિભાગ નં.૪, રાજપીપળા – ૩૯૩૧૪૫<br>(ફો.નં.૦૨૬૪૦-૨૨૨૮૯૯ , ૨૨૦૧૩૪) |
| ૩ | ટેન્ડરનો પ્રકાર | ઓનલાઇન |
| ૪ | ટેન્ડર ફીની રકમ  (ફકત ડીમાન્ડ ડ્રાફ્ટ ) | રૂ| ૯૦૦.૦૦ (નવ સો પુરા)<br>નોન રીફંડેબલ (પરત ન મળે તેવી) |
| ૫ | ઇએમડીની રકમ<br>(બાનાની રકમ) | રૂ| ૨૪,૦૦૦.૦૦ (ચોવીસ હજાર પુરા) |
| ૬ | ટેન્ડર ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ | |
| ૭ | ટેન્ડર ફી,ઇએમડી અને જરૂરિયાત મુજબના ટેન્ડર ડોક્યુમેન્ટ રજી.પો.એ.ડી/સ્પીડ પોસ્ટ ધ્વારા મોક્લવાની તારીખ (ફીઝીકલ) | |
| ૮ | ફીઝીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ ચકાસણીની તારીખ અને સમય | |
| ૯ | પ્રાઈઝ  બીડ ઓનલાઇન ખોલવાની તારીખ અને સમય | |
| ૧૦ | ટેન્ડર વેલીડીટી પિરિયડ | ટેન્ડર ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખથી ૧૨૦ દિવસ |
| ૧૧ | કરારનામાનો સમયગાળો | ૧૧ માસ |

સ્થળ:-                                    ટેન્ડર ભરનારનુ નામ અને સહી

તારીખ:-                                   એજન્સીનુ નામ અને સિક્કો

## પરિશિષ્ટ-૨

**આઉટસોર્સીગ ધ્વારા સ્કીલ્ડ એન્ડ અનસ્કીલ્ડ લેબર્સની સેવા પૂરી  પાડવા અંગેના ટેન્ડર અંગેની અગત્યની શરતો**

| અ.નં. | ટેન્ડરની શરતો. |
|---|---|
| ૧ | એજન્સી/કોન્ટ્રાકટરે પરિશિષ્ટ-અ પ્રમાણે ( ૧ થી ૪ અને (બી) અને ૧ થી ૮= ૧૨)ના જરૂરી દસ્તાવેજો  ઓનલાઇન સ્કેન કરીને ફરજીયાત મુકવાના રહેશે. ઉપરોક્ત દસ્તાવેજો સામેલ ના હોય તો તેઓની ઓફર રદ ગણવામાં આવશે. |
| ૨ | મુલ્યાંકન સરખા આવશે તો ટનઓવર ના આધારે એજન્સીની પંસંદગી કરવામાં આવશે. |
| ૩ | ઇજારદારશ્રીઓ પૈકી સૌથી નીચા આવેલ ભાવો મુજબ ક્વાલીફાઈડ થયેલ એજેન્સીએસોથી નીચા આવેલ ભાવથી કામ કરવાનું રહેશે.તથા જો ભાવો સરખા આવશે તો  સક્ષમ અધિકારી એજન્સીની એકંદર યોગ્યતા, કામગીરીનો અનુભવ ના આધારે થયેલ મુલ્યાંકન  તથા તુલનાત્મક ગુણવતાને આધારે એજન્સીની પસંદગી કરાશે |
| ૪ | કોઇપણ  ટેન્ડર કે બધા મંજુર કરવા કે રદ કરવા તેનો સક્ષમ અધિકારીશ્રીનો હક્ક અબાધિત રહેશે. જે અંગેની કોઇપણ પ્રકારની જાણ એજન્સીને કરવામાં આવશે નહી.જે દરેક એજન્સીને માન્ય રાખવાની રહેશે.અને તે અંગેનો કોઇ વિવાદ ધ્યાને લેવામાં આવશે નહી. |
| ૫ | ઓન-લાઇન કોમર્શીયલ બીડ સીવાય અન્ય કોઇ પણ જગ્યાએ ભાવ દર્શાવવા નહી અન્ય જગ્યાએ ભાવ દર્શાવેલ જણાશે તો ટેન્ડર રદ કરવામાં આવશે. |

સ્થળ  :                                   ટેન્ડર ભરનારનું નામ અને સહી

તારીખ                                    એજન્સીનું નામ અને સિક્કો

## પરિશીષ્ટ-૩

**સિંચાઈ યોજના વિભાગ નં.૪, રાજપીપળા ખાતે સ્કીલ્ડ એન્ડ અનસ્કીલ્ડ લેબર્સની સેવા પુરી પાડવા અંગેનુ કરારનામુ**

આ કરારનામુ  આજે તા..................ના રોજ................ મુકામે

અમો................અધિકારી.............કચેરી..............(હવે પછી જેમને સક્ષમ સત્તા/કચેરી તરીકે સંબોધવામાં આવશે) તથા..................(હવે પછી જેમને એજંસી તરીકે સંબોધવામાં આવશે) તેમની વચ્ચે આથી કરાર કરવામાં આવે છે.

આ કરાર એજંસી દ્વારા..........................ની કચેરીમાં જોજવા વઢવાણા  ખાતે સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ એન્ડ અનસ્કીલ્ડ લેબર્સ ની સેવા પુરી પાડવા માટે કરવામાં આવે છે.

| અનુ.નં | કામનો પ્રકાર | કામની પધ્ધતિ |
|---|---|---|
| ૧ | પ્રોવાઈડિંગ સર્વિસિસ ઓફ સ્ટાફ ફોર ઓપરેશન એન્ડ મેઇંટેનન્સ ઓફ ઓફિસ બિલ્ડિંગ, રેસ્ટ હાઉસ એંડ  કરજણ કોલોની અન્ડર જ્યુરિસ્ડિક્શન ઓફ ઇરીગેશન પ્રોજેક્ટ સબ ડિવિઝન નં. ૨૭, રાજપીપળા ડ્યુરિંગ યર-૨૦૨૬. | Par Manday |

<u>એજન્સીએ સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સ પુરા પાડવા માટેની કરારની વધારાની શરતો</u>

૧ એજન્સી/કોન્ટ્રાકટર નો પુર્વ ઇતિહાસ સ્વચ્છ છે, કોઇપણ નાંણાકીય સંસ્થાના ડિફોલ્ટર નથી, પોલીસ, કોર્ટ રેકર્ડ પર કેસ નથી કે કોઇપણ જાતના કાયદાકિય કે ફોજદારી ગુનામાં સંડોવાયેલા હોવા જોઇએ નહી. જો ટેન્ડર પ્રકિયા દરમિયાન આવી કોઇ સંડોવણી જણાશે કે ધ્યાન પર આવશે તો તેઓનું ટેન્ડર રદ કરવામાં આવશે.

૨ એજન્સી/કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટને લગતા પીએફ એકટ,ઇએસઆઇએસ એકટ,બોનસ એકટ,લઘુતમ વેતન એકટ, કોન્ટ્રકટ એકટ, વર્કમેન્સ કોમ્પોનસેશન એકટ, માઇગ્રેન્ટ લેબર એકટ તથા પ્રવર્તમાન નિયમો મુજબના લાગુ પડતા અન્ય એક્ટ અને સેન્ટ્રલ સ્ટેટ, મ્યુનિસિપલ અને લોકલ ગવર્નમેન્ટ એજન્સીને લાગુ પડતા એકટ નું પાલન કરવાનું રહેશે.

૩ **<u>વેતન ચુકવણીની શરતો.</u>**

૧) રાજ્ય સરકારના લેબર કમિશ્નરશ્રીના (સામેલ કરેલ તથા સ્કોપ ઓફ વર્ક મુજબ) ઠરાવ ક્રમાંક શ્ર.આ.ક/ટે-૩/૦૩/૨૦૨૬/૧૬૫, તા.૦૧/૦૪/૨૦૨૬ અન્વયે ઠરાવેલ  લઘુતમ વેતન,લાગુ પડતા ભથ્થા, ઈપીએફ અને પ્રવર્તમાન નિયમો મુજબના લાગુ પડતા અન્ય લાભો સહિતની ચુકવણી /

કપાત મોડામાં મોડી દર મહિનાની ૧૦મી તારીખ સુધીમાં કોન્ટ્રાકટર દ્વારા કરવાની રહેશે. યોજના ખાતે હાજરી પત્રક રાખવાનું રહેશે. ચુકવણું કર્યા અંગેના જરૂરી પુરાવા સાથે પગારપત્રકની ઝેરોક્ષ, હાજરી પત્રક, બીલ કચેરીમાં આપવાનું રહેશે. કચેરી ધ્વારા ગ્રાન્ટની ઉપલબ્ધતા થયેથી વહીવટી કામગીરી પૂર્ણ કરી એજન્સીને ચેક ધ્વારા નિયમીત રીતે ચુકવણું કરવામાં આવશે.

૨) સ્કોપ ઓફ વર્કમાં **<u>(પરિશિષ્ટ-૫)</u>** જણાવેલ સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ એન્ડ અનસ્કીલ્ડ લેબર્સના પગાર ભથ્થા અને તેને સંલગ્ન લાભોની આઈટમમાં ક્રમાંક ૧ થી ૫ પૈકી દરેક પ્રકારના પગાર/ ભથ્થા અને તેને સંલગ્ન લાભો માટે વખતો વખતના નિયમો મુજબ કોન્ટ્રાકટર દ્વારા  શ્રમયોગિઓને ચુકવણા કર્યાના પુરાવા રજુ કર્યાબાદ તે બાબતનુ ચુકવણુ કરવામાં આવશે.

૩) સ્કોપ ઓફ વર્કમાં **<u>(પરિશિષ્ટ-૫)</u>** જણાવેલ સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ એન્ડ અનસ્કીલ્ડ લેબર્સ ના પગાર ભથ્થા અને તેને સંલગ્ન લાભોની આઈટમમાં ક્રમાંક ૧ થી ૫ (એટલે કે બેઝીક પગાર + ડી.એ,પી.એફ. નો ફાળો ,ઈ.એસ.આઈ.સી નો ફાળો, બોનસ, લેબર સેસ) માં શ્રમ આયુક્ત કે સક્ષમ અધિકારી દ્વારા જે કોઈ વધારો / ઘટાડો થશે તે મુજબ તેમાં થતા ફેરફારનો તફાવત તે બાબતના ચુકવણાના સાધનિક પુરાવા રજુ કર્યાથી કોન્ટ્રાક્ટરને આપવામાં આવશે. પરંતુ એજન્સીને સ્કોપ ઓફ વર્કના ક્રમાંક ૧ થી ૫માં દર્શાવેલ બાબતમાં થતા ફેરફાર સિવાય અન્ય કોઈપણ જાતનું વધારાનું ચુકવણું કરાર દરમ્યાન આપવામાં આવશે નહીં. કોન્ટ્રાક્ટ સમય ગાળા દરમ્યાન ટેન્ડરમાં મંજુર થાય તે પ્રમાણે પ્રોફીટ ચાર્જ પ્રતિ મેન ડે (Man Day) રકમમાં ફીક્સ રહેશે.

૪ ટેન્ડર ભરનારે ટેન્ડરની દરેક શરતો વાંચી છે અને સારી રીતે સમજી છે તેમજ માન્ય હોવા અંગેના સહી અને સીક્કા ટેન્ડર ભરનારે કરારનામાના દરેક પાના પર કરવાના રહેશે. પરંતુ ટેન્ડર મંજુર થયેથી કામનુ લેબર લાયસન્સ સક્ષમ ઓથોરીટી પાસેથી સમયસર મેળવવાનું રહેશે. કામમાં ફાળવવાના થતા સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ એન્ડ અનસ્કીલ્ડ લેબર્સનો અકસ્માત વિમો ઠેકેદારે લેવાનો રહેશે. વર્કઓર્ડર આપ્યા તારીખથી કામગીરી ચાલુ કરવાની રહેશે.

**૫ કોન્ટ્રાકટરે પાલન કરવાના જરૂરી મજુર કાયદાઓ-**

(૧) સરકારના સંસ્થામાં લાગુ પડતા તમામ પ્રત્યક્ષ કે પરોક્ષ કાયદાનું પાલન કરવાનું રહેશે.

(૨) આ લેબર કોન્ટ્રાકટ અંગે રાખવામાં આવેલ સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ એન્ડ અનસ્કીલ્ડ લેબર્સના વેતનને લગતી તમામ બાબતો જેવી કે લઘુતમ વેતન ચુકવણી, પ્રોવિડન્ટ ફંડ ચુકવણી, ઇએસઆઇ, બોનસ તથા લાગુ પડતી અન્ય બીજી બાબતો અંગેની તમામ કાયદાકીય જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૩) કોન્ટ્રાકટરે રાખવામાં આવેલ લેબરના લઘુતમ વેતનની ચુકવણીમાંથી  પ્રોવિડન્ટ ફંડનો ફાળો અને ઇએસઆઇનો ફાળો વર્તમાન નિયમોનુસાર કાપવાનો રહેશે. એજન્સીએ ભરવાના થતા ફાળાની

રકમ ભેગી કરી સંલગ્ન સંસ્થા/કચેરીમાં ચલન ધ્વારા નિયત સમયમાં ભરવાના રહેશે અને તે ભર્યા અંગેના પુરાવા તેઓના નામ સાથે બીજા મહિનાની ૧૦મી તારીખ સુધીમાં ચલનો રજુ કરવાના રહેશે.

(૪) કોન્ટ્રાકટર (નિયમ અને નાબુદી) અધિનિયમ ૧૯૭૦ અન્વયેના કાયદાઓ, મજુર કાયદાઓ અને અન્ય નિયમોની જોગવાઇઓ મુજબ કોન્ટ્રાકટર તરીકેની સમગ્ર જરૂરીયાતો પૂર્ણ કરવાની રહેશે.

(૫) કોન્ટ્રાકટરના લેબરને કામગીરી દરમ્યાન ગેટ, ગેન્ટ્રીક્રેન અને જનરેટર સેટ કે અન્ય સાધન સામગ્રીના સંચાલન અને જાળવણી દરમ્યાન ચલાવતા કે અન્ય કોઇપણ રીતે અકસ્માત કે ઇજા થાય, અશકત બને,મૃત્યુ પામે,તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ માટે કાયદેસરનુ વળતર ચુકવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે ઇએસઆઇસી, વર્કમેન કોમ્પોનસેશન, ગ્રુપ વિમો વિગેરે જે લાગુ પડતા હોય તે કોન્ટ્રાકટરે લેવાના રહેશે. આ માટે ઉભી થતી તમામ કાયદાકીય જવાબદારી, ખર્ચ, વળતર વિગેરે કોન્ટ્રાકટરે ભોગવવાના રહેશે. વિમા પોલીસીની નકલ જેતે કચેરીને પુરી પાડવાની રહેશે તથા જરૂરી કાયદાકીય પ્રમાણપત્ર આપવાના રહેશે.

(૬) કોન્ટ્રાકટરે કાયદાકીય રીતે જોઇતા રેકર્ડ, રજીસ્ટર જેવા કે હાજરી પત્રક ,પગાર રજીસ્ટર,કપાત અંગેનું રજીસ્ટર, દંડ જમા રકમની યાદી,પગાર સ્લીપ તથા એડવાન્સ આપ્યાના નોંધનું રજીસ્ટર તથા કાયદાકીય જોગવાઇઓને અનુલક્ષીને રાખવાના થતા અન્ય રજીસ્ટરો નિભાવવાના રહેશે તેમજ જે તે કચેરીની જરૂરિયાત મુજબ રજુ કરવાના રહેશે.

૬ જેટલા સમય માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ હોય તે સમય સુધી સેવા પુરી નહી પાડે તો કરારનામાનો ભંગ થયેલ ગણાશે. અને કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે અને અન્ય કોન્ટ્રાકટરને કામગીરી સોપવામાં આવશે. આ અંગે થનાર વધારાનો ખર્ચ મુળ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે. જો જરૂર પડેથી સિક્યોરીટી ડીપોઝીટની રકમમાંથી વસુલાત કરવામાં આવશે ત્યારબાદ રેવન્યુ રાહે વસુલ કરવામાં આવશે.

૭ ભવિષ્યમાં સરકારી નિયમોમાં ફેરફાર થવાના લીધે ઉભા થતા કોઇપણ પ્રકારના વેરાની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. ટેન્ડરમાં મંજુર કરેલ ભાવ પ્રમાણેની ચુકવવા પાત્ર રકમમાંથી નિયમોનુસારના આવક વેરા, અન્ય વેરાઓ તેમજ જો કોઇ દંડનીય રકમ હોય તો તે કાપી લેવામાં આવશે. કોન્ટ્રાકટરને એડવાન્સ પેટે કોઇ રકમ ચુકવવામાં આવશે નહી. ફકત લઘુત્તમ વેતનના વર્તમાન દરમાં વધારો કે ઘટાડો થાય તો તે દરે ચુકવણું કરી તેના દસ્તાવેજી પુરાવા કોન્ટ્રાકટરે રજુ કરવાનાં રહેશે.કુલ બીલની રકમ ઉપર સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર GST અલગથી આપવામાં આવશે. ભવિષ્યમા જીએસટી ડીપાર્ટમેન્ટની ગાઈડલાઈન મુજબ આવા ચુકવણામા કોઈ ફેરફાર થશે તે મુજબ વધ/ઘટ ના બિલની તફાવતની રકમનું ચુકવણું/ વસુલી કરવામા આવશે.

૮ જો કોન્ટ્રાકટર કે તેમના કામદાર તરફથી બેદરકારી, ગેરશિસ્ત કે ગેરવર્તન સહીત કોઇપણ કારણસર કોઇપણ જાતની નોટીસ મળે, કેસ થાય, કાનુની કાર્યવાહીમાં હિસ્સો લેવો પડે, જવાબ આપવો પડે કે કોન્ટ્રાકટરના કસુરના કારણે કોઇપણ જાતનુ નુકશાન થાય તો કરારનો ભંગ થયેલ ગણાશે અને તે માટે થયેલ સઘળો ખર્ચ કોન્ટ્રાકટરના બીલ / સિક્યોરીટી ડીપોઝીટની રકમમાંથી કાપી શકાશે અથવા કાયદાકીય રીતે વસુલ કરવામાં આવશે.

૯ કામદારોના તમામ લેણાં ચુકવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે કોન્ટ્રાકટરની શરતચુક કે કોઇ અન્ય કારણોસર કામદાર કાયદેસરના લેણાં અન્વયે જો કોઇ કોર્ટ કેસ કરે, કરાવે તો તેની તમામ જવાબદારી ઇજારદારશ્રીની રહેશે.

૧૦ ટેન્ડરમાં ભાવ ભરતા પહેલા ભાવ ભરનારે સંસ્થાએ મુકરર કરેલ સમયમાં સંસ્થાની મુલાકાત લઇ કામગીરીનો પ્રકાર તથા પ્રમાણ જોઇ તેના પ્રમાણસર ભાવ ભરવા જણાવવામાં આવે છે. એજન્સીએ પોતાનો નફો, આનુસંગીક ખર્ચ, કન્ટીજનસી ખર્ચ, સુપરવિઝન ચાર્જીસ, સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ એન્ડ અનસ્કીલ્ડ લેબર્સ ના બજારમાં ચાલતા ભાવો તથા ઓવરહેડ ખર્ચને ધ્યાનમાં રાખી ભાવ ભરવાના રહેશે. **<u>ઓન લાઇન Schedule – (Price Bid) માં Column No.4 Rs.૬૫૦.૯૩ and Rs.૬૨૪.૭૭ ની રકમમાં કોઇપણ વધારો કે ઘટાડો કરવાનો રહેતો નથી. એજન્સીએ માત્ર Column No.6 Service Chargeની રકમ ભરવાની રહેશે. અન્ય કોઇ ખાનામાં રકમ ભરનારનું ટેન્ડર રદ ગણવામાં આવશે.</u>** લઘુત્તમ વેતન ધારા હેઠળ દૈનિક દર અને ખાસ ભથ્થામાં વધારો કે ઘટાડો થાય તે મુજબ ચુકવણું એજંસીને કરવામાં આવશે. એજંસીના પ્રોફીટની રકમ કોન્ટ્રાક્ટ પીરીયડ દરમ્યાન ફીક્સ રહેશે.

૧૧ શ્રમ આયુક્ત ની કચેરી ગુજરાત રાજ્ય ના તા.૧૯/૫/૧૫ ના પરિપત્ર મુજબ આઉટ સોર્સીંગ મારફતે મુકવામાં આવેલ સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ પાંચ વર્ષની સતત નોકરી પૂર્ણ કરે તે કિસ્સામાં પ્રત્યેક વર્ષ ના ૧૫ દિન લેખે ગ્રેજ્યુટીની ચુકવણીની જવાબદારી એજન્સીની રહેશે સરકારશ્રીની નહીં તેમજ એજન્સીએ ગ્રેજ્યુટીની ચુકવણીની બાબત ધ્યાને લઈ ભાવ ભરવાના રહેશે.

૧૨ સરકારશ્રીના હાલના બોનસ એક્ટ અન્વયે આ કામના તમામને દર માસે બોનસનું ચુકવણુ કરવાનુ રહેશે. બોનસ એક્ટ (All employees earning up to the wage threshold (increased to INR 21,000 by the Amendments) and who have worked in the establishment for not less than 30 working days in the year are eligible to receive this statutory bonus) મુજબ જે શ્રમયોગી એ ઓછામાં ઓછી ૩૦ વર્કીંગ દિવસની સેવા પુર્ણ કરેલ હોય અને લઘુત્તમ વેતન રૂ.૨૧,૦૦૦/- સુધીનું મેળવતા હોય તેમને જ બોનસ મળવાપાત્ર થશે. તેમજ વખતો વખતના બોનસ એક્ટમાં થતા ફેરફાર લાગુ પડશે.

૧૩ ટેન્ડરની કોઇપણ કાનુન/શરતોનો ભંગ કરારનો ભંગ ગણાશે અને આ કસુર બદલ કચેરી કોન્ટ્રાકટ

રદ કરી શકશે.

૧૪ શ્રમયોગીને કાયમી ધોરણે રાખી શકાશે નહી. શ્રમયોગીઓ તરફથી કોઇપણ પ્રકારના કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેની તકેદારી એજન્સીએ રાખવાની રહેશે. કોઇપણ પ્રકારના કાયદાકીય પ્રશ્નોની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

૧૫ કચેરીને શ્રમયોગી વચ્ચે નોકરી અને તેની આનુસાંગિક કોઇપણ બાબત જેવી કે માલીક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઇ કાયદાકીય જવાબદારી રહેશે નહી. શ્રમયોગી દ્વારા તેઓની સેવા બાબતે કોઇપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો વિભાગની કોઈપણ જવાબદારી રહેશે નહી

૧૬ જે તે સંવર્ગના લેબર્સ ને ટેંડરની જરુરીયાત મુજબની કામગીરીનો અનુભવ/લાયકાત હોવી જરૂરી છે.

૧૭ સરકારશ્રીની કે અન્ય સાધન સામગ્રીની જાળવણીની જવાબદારી પણ એજન્સીની રહેશે.તેમજ તેને ફાળવેલ કામગીરી ની સંચાલન અને જાળવણીમાં કોઇપણ મુશ્કેલી જણાય તો તેની તાત્કાલીક જાણ ત્યાં સાઇટ પર ફાળવેલ ક્ષેત્રિય કચેરીને કરવાની રહેશે

૧૮ એજન્સી દ્વારા પુરા પાડવામા આવેલ આ કામના શ્રમયોગી દ્વારા તેમની અણઆવડત, બેદરકારી, કે હેતુ પુર્વક તથા અન્ય કોઇ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યંત્રસામગ્રી , કચેરીની મિલકત કે કોઇ સાધન સામગ્રીને સરકારી રેકર્ડ કે અધિકારી/કર્મચારીઓની વસ્તુને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નુકસાન થાય તો નુકસાની ભરપાઇ કરવાએજન્સી બંધાયેલ છે. નુકશાનની રકમ એજંન્સીના બીલમાંથી કપાત કરવામાં આવશે.કામનું સ્થળ, સ્થિતી કે જોખમોને ધ્યાને રાખી ખાતું કે વિભાગ જે સુચવે તે મુજબ સલામતી જળવાય તે અંગે શ્રમયોગીને એજન્સીએ પ્રશિક્ષિત કરવાનાં રહેશે. દરેક શ્રમયોગીને કોઈપણ દુર્ઘટનાં/અકસ્માત સામે રક્ષણ કવચ આપતો વિમો ઉતરાવ્યા બાદ જ મેનપાવર પુરા પાડવા એજન્સી બંધાયેલ છે, જેમાં કોઈપણ નુકશાની કે વળતરની જવાબદારી એજન્સીની રહેશે.

૧૯ શીફ્ટ મુજબ તેમજ જરુરીયાત મુજબ સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સ પુરા પાડવાના રહેશે.

૨૦ શીફ્ટનો ટાઇમીંગ લગત ઓથોરીટી દ્વારા જરુરીયાત મુજબ નક્કી કરવામાં આવશે

૨૧ શીફ્ટનો સમય આઠ કલાકનો રહેશે જેમાં.

(અ) કામની શીફ્ટ ૮ કલાક ની રહેશે. તેમજ ઈન્ચાર્જ ઈજનેર દ્વારા નક્કી કરેલ કામનું આઉટ પુટ આપવાનું રહેશે.

(બ) કોઇપણ કામ માટે કામની શીફ્ટ સિવાય જે તે કામ માટે ઓવર ટાઇમમાં રાખવાના થતા શ્રમયોગી માટે સક્ષમ કક્ષાએ પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. તેમજ શ્રમયોગીને પ્રથમ ઓવર ટાઇમની વળતર રજા આપવાની રહેશે. તેમ છતાં ખાસ કિસ્સામાં વધારાના કામના કલાકો(ઓવર ટાઇમ) THE MINIMUM WAGE ACT 1948 Clause 14 તથા Factory act 1948 Clause 59 મુજબ નિયમોનુસાર નિયત મર્યાદામાં ચુકવણું કરવાનુ રહેશે. તેમજ ક્લોઝમાં દર્શાવ્યામુજબના નિયત રજીસ્ટર

નિભાવવાના રહેશે. વધુમાં વધુ ઓવર ટાઇમ Factory Act 1948,The overtime limits section 64(sub rule 4) ની મર્યાદામાં જ અધિકારી દ્વારા પ્રમાણીત કર્યા બાદ મંજુર કરવામાં આવશે.

૨૨ રોકેલા સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સનું હાજરી પત્રક સાઇટ પરના એજન્સીના પ્રતિનિધિ દ્વારા નિભાવી કચેરીના એન્જીનીયર-ઇન-ચાર્જ પાસે પ્રમાણિત કરાવવાનું રહેશે.

૨૩ એજન્સીએ સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સ અકસ્માત વિમો લેવાનો રહેશે તથા તેના પૂરાવા કચેરીમાં રજુ કરવાનો રહેશે.

૨૪ સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સની સાઇટ પર રહેવાની સંપૂર્ણ વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે.કામચલાઉ શેડ,ટેન્ટ ઉભો કરવા સક્ષમ ઓથોરીટીની લેખીતમાં પુર્વ મંજુરી મેળવવાની રહેશે.

૨૫ એજન્સી દ્વારા પુરા પાડવામાં આવેલ સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સને સરકારશ્રીની સેવામાં કોઇજ લાભ માટેનો હક્ક દાવો રહેશે નહી.

૨૬ સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સ ની જરૂરીયાત માટે એસ.એમ.એસ./ઇ-મેઇલ થી એજન્સી ને જણાવવામાં આવશે જેની કન્ફર્મેશન કોપી એજન્સી ને આપવામાં આવશે જેમાં દર્શાવેલ સમય અવધી એસ.એમ.એસ. / ઇ મેઇલ આધારની તારીખ થી ગણવામાં આવશે કન્ફરમેશન પોસ્ટ મળ્યાની સમય અવધી ધ્યાને લેવામાં આવશે નહી. સમય અવધી અનુસાર સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સને ન મોકલાવેથી અથવા સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સને હાજર ન થયેથી એજન્સી પાસેથી ઉકત દર્શાવેલ સમય અવધી (દિન-૨) વિત્યેથી એજન્સી પાસેથી જે તે સમય ગાળાની અવધી ત્રુટના દર દિવસ માટે ભરેલ ભાવના (લઘુત્તમ વેતન+કોંટ્રાક્ટર પ્રોફીટ) દોઢ ગણા (૧½) ચાર્જીસ એજન્સી ધ્વારા આ કચેરીએ કે ટ્રેઝરી માં માસાંતે દિન-૩ માં જમા કરાવવાના રહેશે તેમાં કસુર થયેથી ઉકત જે તે રકમ બિલમાંથી કપાત કરી સરભર કરવામાં આવશે. કામની જરુરીયાત મુજબ સ્થળ પર રોકેલ શ્રમયોગીઓ ગેરહાજર રહે અથવા કોઈ પણ કારણોસર મેનપાવરની જરુરીયાત ઉપસ્થિત થાય તો તે અંગે એજન્સી/તેના પ્રતિનિધીને રુબરુ ધ્વની સંદેશ/એસ.એમ.એસ/ઈમેલથી જાણ કરવામાં આવશે. જાણ કરવામાં આવ્યાથી જરુરીયાત અનુસાર મેન પાવર પુરા પાડવાની સમય અવધી શરુ થયેલ ગણવામાં આવશે. દિન-૨ની અવધિ પછી લેબર ફોર્સમાં ત્રુટ માટે દર દિવસ માટે મંજુર થયેલ ભાવના દોઢ ગણા ચાર્જીસ એજન્સીએ ચુકવવાનાં રહેશે, અન્યથા તેના બિલમાંથી તે રકમ કપાત કરી સરભર કરવામાં આવશે. વિભાગને જરુર જણાય તે સંજોગોમાં શિક્ષાત્મક કાર્યવાહી કરી શકશે. પરંતુ પરવાનગી લઇને ગેરહાજર રહેલ શ્રમયોગીના કિસ્સામાં પેનલ્ટી લાગુ કરવામા આવશે નહી. અનિવાર્ય કારણોસર ખાતા/વિભાગ દ્વારા અન્ય એજન્સી મારફતે /અન્ય વૈકલ્પિક વ્યવસ્થાથી મેનપાવર મેળવવામાં આવશે તો તે અંગે એજન્સીનો કોઈપણ

હક્ક,દાવો,વાદ,વિવાદ કે લવાદ ને અવકાશ રહેશે નહી.કરારનામું અમલમાં આવ્યા તારીખથી તેની સમય મર્યાદા ૧૧ (અગિયાર) મહીનાની રહેશે. જે જરૂરીયાતના સંજોગોમાં પરસ્પર સંમતિથી સરકારશ્રી ના પ્રવર્તમાન નિયમો તથા મંજુરીને આધિન કરાર લંબાવી શકાશે અને ટેન્ડરની તમામ શરતો અને મંજુર થયેલ ભાવ મુજબ આધિન રહેવુ પડશે. કરારની મુદ્દત લંબાવવાનો સંપુર્ણ હક્ક સક્ષમ કક્ષાના અધિકારીશ્રીનો રહેશે. કરાર પુર્ણ થયા બાદ લેબર અંગેની નાણાંકીય, કાયદાકીય તેમજ અન્ય તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. આ કચેરીના શીરે કોઇપણ જાતની જવાબદારી રહેશે નહી.

૨૭ જે જગ્યાએ સેવકો પુરા પાડ્યા હોય ત્યાં સેવકોની હાજરીની જવાબદારી એજન્સીની રહેશે. સેવકોની રજા દરમ્યાન બીજી વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની રહેશે. જે અંગે કોઇ પણ વધરાનો ખર્ચ આપવામાં આવશે નહી.

૨૮ એજન્સી એ સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સ ની રીઝર્વ માં વ્યવસ્થા રાખવાની રહેશે જે ના માટે કોઇપણ પેમેન્ટ મળશે નહિ. પરંતુ જે તે સ્કીલ્ડ/ સેમી-સ્કીલ્ડ /અનસ્કીલ્ડ લેબર્સ ની અવેજી માં જરૂરીયાત આવેથી સરકારશ્રી ની કામગીરી આઇડલ કે બંધ રહેવા ન પામે તે હેતુ ને ધ્યાને રાખી ને એજન્સી ધ્વારા જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૨૯ એજન્સીએ પ્રોવીડંડ ફંડ અધિનિયમ હેઠળનો ફાળો (EPF) ૧૩.૦૦% ,કામદાર રાજ્ય વિમા અધિનિયમ નો ફાળો (ESIC) ૩.૨૫% મુજબ ચુકવણા કર્યા અંગેના પુરાવા/દસ્તાવેજ તે પછીના બીલ સાથે રજુ કર્યેથી નિયમોનુસાર ચુકવણુ કરવામા આવશે. સદર રકમનો ટેંડરની રકમમા સમાવેશ કરવામા આવેલ છે.

30 લઘુત્તમ દર શ્રમ અને આયુક્તશ્રી ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક શ્ર. આ.૬/ટે.૩/૨૦૨૬/૧૪૨ થી ૧૬૪ તા:૦૧/૦૪/૨૦૨૬ મુજબ ગણતરી કરવામા આવેલ છે,અને ત્યારબાદ વખતો વખતે મોંઘવારીના દરમા સુધારો થશે તે મુજબ નિયમોનુસાર મોંઘવારીના દરની ચુકવણાની કાર્યવાહી કરવામા આવશે.

૩૧ દરેક સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સનો ઇતિહાસ (ચાલચલગત) અંગત વિગતો, વ્યક્તીગત પોલીસ તપાસનો અહેવાલ તેમજ સંલગ્ન તમામ બાબતો એજન્સી દ્વારા સંપુર્ણપણે ખરાઇ કર્યાબાદ એજન્સીએ સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ પુરા પાડવાના રહેશે.

૩૨ કરાર શરૂ કરતા આગાઉ એજન્સી દ્વારા પુરા પાડવામા આવનાર સ્કીલ્ડ, સેમી-સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સને જે તે કચેરી ખાતે ચકાસણી અર્થે ફોટો આઇડી પ્રૂફ (આધાર કાર્ડ/પાન કાર્ડ/ચુંટણી કાર્ડ/ ડ્રાઇવીંગ લાઇસન્સ/પાસ પોર્ટ/માન્ય સંસ્થાનુ ફોટો આઇડી .વગેરે) સાથે હાજર કરવાના રહેશે, આ

ચકાસણી બાદ જ સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સને મંજુરી અપાશે. તેમા કચેરીની જરૂરીયાત અનુસાર ફેરફાર કરી શકાશે. ફોટો આઇડીની નકલ રેકોર્ડ માટે રજુ કરવાની રહેશે.

33 આ કરાર બીન તબદીલી પાત્ર છે. એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહી અને સક્ષમ સત્તા/કચેરીની પુર્વ મંજુરી શિવાય એજન્સી અન્ય કોઇ એજન્સીને આ કામ તબદીલ કરી શકશે નહી અથવા આ કરારની અન્ય કોઇ બાબત અન્ય એજન્સીને તબદીલ કરી શકશે નહી.

૩૪ નિયમોનુસાર ૫% લેખે સીકયોરીટી ડીપોઝીટની રકમ કરાર કરતાં પહેલા જમા કરાવવાની રહેશે.

૩૫ કોન્ટ્રાકટરના દર માસના ચુકવણાં સમયે નિયમ મુજબ ઇન્કમટેક્ષ બીલમાંથી કપાત કરવામાં આવશે..

૩૬ એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામા કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઇ હક્ક/દાવો રહેશે નહી, આમ છતા એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોય તો ચાર માસ સુધી આ કામગીરી ચાલુ રાખી શકશે. દરમ્યાન સબંધિત કચેરીએ નવી એજન્સી નક્કી કરવાની પ્રક્રિયા ચાર માસની સમય મર્યાદામા પુર્ણ કરવાની રહેશે.

૩૭ આ કરાર બંન્ને પક્ષકારોને કબુલ-મંજુર અને બંધનકર્તા છે,

૩૮ એજન્સી એ ફાળવેલ તમામ શ્રમયોગીઓને ઓળખપત્ર આપવાનુ રહેશે.

૩૯ કચેરીની જરૂરીયાત મુજબ શ્રમયોગીઓ પાળી વાઇજ એટલેકે રાતપાળી/દિવસ પાળીમાં જરૂરીયાત મુજબ પુરા પાડવાના રહેશે. આ અંગે ભાવ ભરનાર એજન્સીની કોઇ દલીલો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૪૦ લઘુતમ વેતનમાં મુળ પગાર, ડી.એ. નિયમોનુસારનું EPF, ESIC, બોનસનું ચુકવણું કચેરીએથી કરવામાં આવશે તદ્ઉપરાંત સર્વિસ ચાર્જ તેના ઉપર જીએસટીની રકમ ઉમેરી ચુકવવામાં આવશે.

૪૧ બીડ ખોલ્યા પછી મૂલ્યાંકન કરી સંસ્થાની પસંદગી વેઇટેજ પધ્ધતીથી કરવામાં આવશે જેમાં સૌથી વધુ અંક પ્રાપ્ત કરનાર સંસ્થાની પસંદગી કરવામાં આવશે, આ પધ્ધતી નીચે અનુસાર છે –

(૪૧.૧) પ્રોવિડન્ટ ફંડના ચલણોનું છેલ્લા ૨ વર્ષમાં સતત છ માસનું ચુકવણું તારીખ ૩૧/૦૭/૨૦૨૫ પહેલા કરેલ હોવું જોઈએ. ચલણની નકલ, કર્મચારીઓના નામ અને Universal Account Number (UAN) ની વિગત મહિના પ્રમાણે આપવી.

| કર્મચારીઓની સંખ્યા<br>(ઉપર મુજબના ૬ માસની પી.એફ.ની સમયસર ચુકવણી અનુસાર) | અંક |
|---|---|
| ૦થી ૧૦૦ | ૧૦ |
| ૧૦૧ થી ૨૦૦ | ૧૫ |
| ૨૦૧ કે તેથી વધારે | ૨૫ |

(૪૧.૨) ગુજરાત રાજ્યની સરકારી કચેરીઓમાં હાલમાં કર્મચારીઓ પૂરા પાડવાના કામ સંતોષકારક રીતે કામગીરી કરે છે તેવું પ્રમાણપત્ર જે તે વિભાગીય કચેરીઓમાંથી મેળવી રજુ કરવાનું રહશે. આ મળ્યેથી જ શરત નં (૪૧.૨) ના કોષ્ટકની ગણતરી કરવામાં આવશે.

| હાલમાં કામ ચાલતુ હોય એવી કચેરીઓનીસંખ્યા | અંક |
|---|---|
| ૧ થી ૨ | ૧૦ |
| ૩ થી ૫ | ૧૫ |
| ૬ કે તેથી વધુ | ૨૫ |

(૪૧.૩) ભાવ ભરનાર એજન્સી દ્વારા તેમના કર્મચારીઓને છેલ્લા ૨ વર્ષમાં સતત છ માસનું પગારનું ચૂકવણું પછીના મહિનાની તારીખ ૧ થી ૧૦ સુધીમાં કર્યા અંગેની છેલ્લા છ માસની વિગત દર્શાવતી બેંક સ્ટેટમેન્ટની કોપી સાથે આપવી.

| કર્મચારીઓની સંખ્યા | અંક |
|---|---|
| ૦ થી ૫૦ | ૧૦ |
| ૫૧ થી ૧૦૦ | ૧૫ |
| ૧૦૧ કે તેથી વધારે | ૨૫ |

(૪૧.૪) સર્વિસ ચાર્જનું મૂલ્યાંકન

| સર્વિસ ચાર્જ (રૂપિયામાં) | અંક |
|---|---|
| ૦ થી ૨૫ | ૨૫ |
| ૨૫ થી ૫૦ | ૧૫ |
| ૫૦ કે તેથી વધુ | ૧૦ |

(૪૧.૫) મૂલ્યાંકન કોષ્ટક

| | ૧<br>પ્રોવિડન્ટ ફંડની સમયસર ચુકવણી કરેલ કર્મચારીઓની સંખ્યા | ૨<br>કામ ચાલતું હોઈ એવી કચેરીઓની સંખ્યા | ૩<br>સમયસર પગારની ચુકવણી કરેલ કર્મચારીઓની સંખ્યા | ૪<br>સર્વિસ ચાર્જ | ૫<br>કુલ અંક |
|---|---|---|---|---|---|
| મળેલ અંક | | | | | |

૪૨. ઇજારદારશ્રીઓ પૈકી સોથી નીચા આવેલ ભાવો (સર્વિસ ચાર્જ રૂપિયામાં), (૪૧.૫) મૂલ્યાંકન કોષ્ટક મુજબ ક્વાલીફાઈડ થયેલ એજેન્સીએ સોથી નીચા આવેલ ભાવથી કામ કરવાનું રહેશે.

૪૩. ક્વાલીફાઈડ થયેલ એજેન્સી પૈકી જો સર્વિસ ચાર્જ અને મુલ્યાંકન સરખુ હશે તો એજન્સીના ટર્ન ઓવરના આધારે કામા સોંપવામાં આવશે.

કોન્ટ્રાક્ટરની સહી

કાર્યપાલક ઇજનેર
સિંચાઈ યોજના વિભાગ નં.૪
રાજપીપળા

પરિશિષ્ટ –૪
(બાહેધારી પત્ર એજંસીના લેટર હેડમાં)

આથી અમો નીચે સહી કરનાર શ્રી................................ તે ડાયરેક્ટર ઓફ / પ્રોપરપાઇટર ઓફ ........................... ઉમર વર્ષ ................ ધર્મ ................... ધંધો .................. રહેઠાણ......................... અમારા ધર્મના સોગંદ લઇ પ્રતિજ્ઞાપૂર્વક આ એકરાર નામુ કરી જાહેર કરીએ છીએ કે. –

(૧) અમો ઉપર જણાવેલ સરનામે અમારા કુટુંબ સાથે રહીએ છીએ./ અમારી પેઢી આવેલ છે અને ધંધો.................... કરીએ છીએ.

(૨) આ એફીડેવીટ હાલમાં અમોને કાર્યપાલક ઇજનેર, સિંચાઇ યોજના વિભાગ નં.૪, રાજપીપળા, ગુજરાત હેઠળના કરજણ સિંચાઈ પેટાવિભાગ નં-૨૭, રાજપીપળા હસ્તકના કરજણ વહિવટી સંકુલ,રેસ્ટ હાઉસ અને કોલોની ખાતે વર્ષ:૨૦૨૬ના સમયગાળા દરમ્યાન સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સની સેવા ૧૧ માસ માટે આઉટ સોર્સિંગ ધ્વારા પુરા પાડવા બાબતનું ટેન્ડર ભરેલ છે જેના અનુસંધાને અમે નીચે મુજબનું એકરાર નામુ કરીએ છીએ.

(અ) અમારી પેઢી ......................................................... બ્લેક લીસ્ટની યાદીમાં મુકેલ નથી.

(બ) અમારી પેઢી ......................................................... નાણાંકીય ડીફોલ્ટર નથી.

(ક) અમારી પેઢી ......................................................... ગુજરાતના કોઇપણ પોલીસ સ્ટેશનમાં પોલીસ રેકોર્ડમાં ગુનાહીત રેકોર્ડ ધરાવતા નથી.

ખોટુ એકરારનામું કરવુ તે ગુનો બને છે જો આ બાબતે ટેન્ડર પ્રકિયા દરમ્યાન અને બાદ પણ કસુરવાર પુરવાર થઇશૂં તો અમારૂ ટેન્ડર આપોઆપ રદ થશે તેમજ સિક્યુરીટી ડીપોઝીટ રદ થશે તે અમે જાણીએ છીએ.

ઉપર જણાવેલ તમામ હકીકત અમારા જાણવા તેમજ માનવા મુજબ સાચી અને ખરી છે.

સહી. . . . . . . .

પેઢીનુ નામ અને રબ્બર સ્ટેમ્પ

નોટરાઇઝડ

સ્થળ:-

તારીખ:-

## <u>પરિશિષ્ટ-૫</u>

## SCOPE OF WORK

Name of work: Providing services of staff for operation and maintenance of office building , Rest House and karjan colony under juridiction of Irrigation Project Sub division No. 27, Rajpipla for the Year 2026.

**(For Skilled Labour--- Basic Pay:- 462.00 + D.A.:- 60.50 = Rs.522.50)**

(For Unskilled Labour--Basic Pay:- 441.00 + D.A.:- 60.50 = Rs.501.50)

| Sr. No. | Details of minimum wages under Labour and Employment Department, Sachivalay, Gandhinagar Notificatio under the minimum wages Act 1948 Dtd. 24/04/2023 & Circular No. શ્ર.આ.ક/ટે-૩/૨૦૨૫/૭૨૫,તા. ૩૦/૦૯/૨૦૨૫ તથા-ક્રમાંક: શ્ર.આ.ક/ટે-૩/૨૦૨૬/૧૪૨ થી ૧૬૪,તા. ૦૧/૦૪/૨૦૨૬ | | | |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | |
| | | Skilled | Un-Skilled | Remarks |
| 1 | Basic Pay | 462.00 | 441.00 | |
| 2 | DA (Zone -2) | 60.50 | 60.50 | |
| 3 | Basic Pay + DA (Zone -2) (Sub Total 1+2) | 522.50 | 501.50 | |
| 4 | Provident Fund Contribution 13.00% of Sr.No. 3 (Rs. Per Day) | 67.93 | 65.20 | |
| 5 | Add ESIC Contribution 3.25% of Sr.No. 3 (Rs. Per Day) | 16.98 | 16.30 | |
| 6 | Add Bonus 8.33% of Sr.No. 3 (Rs. Per Day) | 43.52 | 41.77 | |
| 7 | Total Wages per Day (3+4+5+6) | 650.93 | 624.77 | |
| 8 | Actual Payable Rate per Day (Sr.No. 3+4+5+6+7) | 650.93 | 624.77 | |

**Note :**

1) Component at Sr. No. 3,4 & 5 may vary as per minimum wages act of Labour law or notification of competent authority

2) Contractor profit will remain fix during contract period irrespective of component at Sr. No. 1 to 8.

Deputy Executive Engineer
Irrigation Project Sub Division No.27
Rajpipla

Executive Engineer
Irrigation Project Division No.4
Rajpipla